# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org

મા-૨/વ્યાયામ/મીટીંગ/૨૦૨૬/5410 તા.૧૩/૦૪/૨૦૨૬

પ્રતિ,
સુરત શહેર અને ગ્રામ્યની પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
સુરત,જિલ્લો-સુરત

વિષય: સુરત શહેર અને ગ્રામ્યની તમામ વ્યાયામ શિક્ષકોની બેઠકમાં જોડવા બાબત.
સંદર્ભ: ઉકા તરસાડીયા યુનિવર્સીટી,બારડોલી ખાતે NEP વર્કશોપ, સુરતના તા.૧૩/૦૪/૨૦૨૬ના પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની તાલીમ માટે સુરતના રમતગમત અને વ્યાયામ સાથે જોડાયેલ તમામ વ્યક્તિઓ અને શાળાના વ્યાયામ શિક્ષકો તથા વ્યાયામની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ શિક્ષકો સાથે રમતગમત અંગેની કામગીરીની સમીક્ષા તથા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ NEP વિષયક વર્કશોપનું આયોજનના માર્ગદર્શનના હેતુસર મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે.

આથી,સુરત શહેર તથા ગ્રામ્યની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામા વ્યાયામ શિક્ષકશ્રીઓ/શારીરિક શિક્ષણના શિક્ષકશ્રીઓ આ અગત્યની બેઠકમાં અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે. તમામ આચાર્યશ્રીઓને વિનંતી છે કે તેઓ પોતાના વ્યાયામ શિક્ષકશ્રીઓને આ અંગે જાણ કરી હાજરી સુનિશ્ચિત કરાવે.

નોંધ: ઉપરોક્ત તાલીમમાં હાજર રહેવા માટે સુરત રેલ્વે સ્ટેશનથી ઉકા તરસાડીયા યુનિવર્સીટી, બારડોલી સુધીની વાહનની વ્યવસ્થા કરેલ છે. જેઓ આ સેવા લેવા માંગતા હોઈ તેઓ સુનીલભાઈ ગામીતને સંપર્ક કરે. (મો.નં.- ૯૯૧૩૭૦૩૭૦૮)

**- તાલીમ વિગત:**

તારીખ:- 30/૦૪/૨૦૨૬

સમય: સવારે:-૧૦:૦૦ કલાકે

સ્થળ: ઉકા તરસાડીયા યુનિવર્સીટી,બારડોલી

બિડાણ: કાર્યસૂચી

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત

UKA TARSADIA
UNIVERSITY

**One day workshop on "Integrating Physical Well-being with Education: A Holistic Approach under NEP 2020"**

Program Schedule

**Event Start Time: 10:00 AM**

**Date: 30th April, 2026.**

**Venue: Pushpam Hall, Uka Tarsadia University, Bardoli**

| Sr. No. | Time | Program Details |
|---|---|---|
| 1 | 10:00 AM – 10:30 AM | Registration and Breakfast |
| 2 | 10:30 AM – 11.00AM | Inugrual Ceremony |
| 3 | 11.00 AM – 12:30 PM | **Session 1**- Keynote Speaker **Prof. (Dr.) Sagar R. Dave** |
| 4 | 12.30 PM – 1:00 PM | **Session 2** – Technical Session |
| 5 | 01:00 PM – 01:30 PM | **Session 3** – Technical Session |
| 6 | 01.30 PM – 2:30 PM | Lunch and Visit Sports Aminites |
| 7 | 02. 30 PM to 3.00 PM | **Session 4** – Technical Session |
| 8 | 03.00 PM to 03.30 PM | **Session 5** – Technical Session |
| 9 | 03.30 PM to 04.00 PM | **Session 6** - Q&A & Certficate Distribution |
| 10 | 04.00 PM | High Tea |

પત્ર ક્રમાંક: યુટીયુ/સ્પોર્ટ્સ/વર્કશોપ/૨૦૨૫-૨૬/૨૭૪૫
તા. ૦૯-૦૪-૨૦૨૬

પ્રતિ,
ડૉ. ભગીરથ પરમાર
જિલ્લા શિક્ષણ અધિકારી
સુરત

**વિષય: જાણ માટે – ઉકા તારસાડિયા યુનિવર્સિટી ખાતે NEP વર્કશોપ (30 એપ્રિલ 2026)**

માનનીય સાહેબશ્રી,

ઉકા તારસાડિયા યુનિવર્સિટી, બારડોલી તરફથી વંદન.

આપને જાણ કરતાં આનંદ થાય છે કે ઉકા તારસાડિયા યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફિઝિકલ એજ્યુકેશન, સ્પોર્ટ્સ એન્ડ યોગા દ્વારા તા. 30 એપ્રિલ 2026ના રોજ યુનિવર્સિટી કેમ્પસ ખાતે **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)** વિષયક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશોપનો હેતુ ખાસ કરીને શારીરિક શિક્ષણ અને શાળાકીય રમતગમત ક્ષેત્રમાં NEPના અમલીકરણ અંગે સ્પષ્ટતા અને વ્યવહારુ સમજ પ્રદાન કરવાનો છે.

**વર્કશોપના હેતુઓ:**

- શારીરિક શિક્ષણના શિક્ષકો અને કોચમાં NEP અંગે જાગૃતિ વધારવી
- શાળાકીય રમતગમતની પ્રવૃત્તિઓને NEPની માર્ગદર્શિકા સાથે સુસંગત બનાવવી
- રમતગમત દ્વારા સર્વાંગી અને કુશળતા આધારિત વિકાસને પ્રોત્સાહન આપવું
- અસરકારક અમલીકરણ માટે વ્યવહારુ અભિગમો વહેંચવા
- NEP ની વિવિધ યોજનાઓની માહિતી અસરકારક અમલીકરણ માટે પૂરી પાડવી.

**વર્કશોપની રૂપરેખા:**

- NEPનો પરિચય અને તેની મુખ્ય વિશેષતાઓ
- NEPના માળખામાં શારીરિક શિક્ષણની ભૂમિકા
- શાળાના અભ્યાસક્રમમાં રમતગમતના એકીકરણ માટેની રણનીતિઓ
- કેસ સ્ટડી અને શ્રેષ્ઠ પ્રથાઓ
- પરસ્પર ચર્ચા અને પ્રશ્નોત્તરી સત્ર

**નોંધણી લિંક:**
https://forms.gle/zwsYGeW3Bjj4G2Bm9
રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૨૮/૦૪/૨૦૨૬ રહેશે.
આપને વિનંતી છે કે કૃપા કરીને આપના જિલ્લાના તમામ શાળાઓના શારીરિક શિક્ષણ શિક્ષકો અને કોચ સુધી આ માહિતી પહોંચાડશો અને તેમને વર્કશોપમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરશો.

**મહત્વપૂર્ણ માહિતી:**

- તમામ ભાગ લેનારને શિબિરમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવશે
- નિર્ધારિત સ્થળેથી વાહન વ્યવહારની વ્યવસ્થા અને ભોજનની સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ રહેશે
- કોઈ નોંધણી ફી નથી

શાળાઓ તરફથી સક્રિય સહભાગિતા અને રમતગમત શિક્ષણને NEP મુજબ વધુ મજબૂત બનાવવા માટે આપના સતત સહકારની અપેક્ષા સાથે.

આભાર સહ.

આપનો વિશ્વાસુ,

9/4/26.

ડૉ. જહાનવી ઈચ્છાપોરીયા
સ્પોર્ટ્સ ડિરેક્ટર

10/4/26

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત.
આ. નંબર :- 4528
તારીખ :- 11/4
શાખા :-
સહી :-